(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત ફાળવેલ સાંથણીની જમીન પૈકી કેટલી જમીન અન્ય ત્રાહિતના કબ્જામાં છે, અને

(૩) ઉક્ત ફાળવેલ સાંથણીની જમીનનો કબ્જો ત્રાહિત પાસેથી પરત અપાવવા શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૧૦/૦૪/૨૦૨૬)

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા, કચ્છ અને મોરબી જિલ્લામાં શહેર અને તાલુકાવાર સાંથણીની જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ સાંથણીની જમીન ફાળવેલ ન હોવાથી પ્રશ્ન નથી.

(૩) ઉક્ત સ્થિતિએ સાંથણીની જમીન ફાળવેલ ન હોવાથી પ્રશ્ન નથી.

———————

જામનગર, બોટાદ અને નર્મદા જિલ્લામાં સાંથણીની જમીન ફાળવવા બાબત

અતારાંકિતઃ ૧૮૨૨ (૦૨/૦૮/૨૦૨૫) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જામનગર, બોટાદ અને નર્મદા જિલ્લામાં શહેર અને તાલુકાવાર કેટલી સાંથણીની જમીન રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત ફાળવેલ સાંથણીની જમીન પૈકી કેટલી જમીન અન્ય ત્રાહિતના કબ્જામાં છે, અને

(૩) ઉક્ત ફાળવેલ સાંથણીની જમીનનો કબ્જો ત્રાહિત પાસેથી પરત અપાવવા શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૧૦/૦૪/૨૦૨૬)

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જામનગર, બોટાદ અને નર્મદા જિલ્લામાં શહેર અને તાલુકાવાર સાંથણીની જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ સાંથણીની જમીન ફાળવેલ ન હોવાથી પ્રશ્ન નથી,

(૩) ઉક્ત સ્થિતિએ સાંથણીની જમીન ફાળવેલ ન હોવાથી પ્રશ્ન નથી,

———————

જૂનાગઢ, વિસાવદર અને ભેંસાણ તાલુકામાં મામલતદાર કોર્ટ એકટ હેઠળ પડતર અપીલો

અતારાંકિતઃ ૧૮૯૬ (૧૯/૦૯/૨૦૨૫) **શ્રી ગોપાલભાઈ ઇટાલીયા** (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૮/૨૦૨૫ની સ્થિતિએ જૂનાગઢ તાલુકો, વિસાવદર તાલુકો અને ભેંસાણ તાલુકામાં મામલતદાર કોર્ટ એકટ હેઠળ કુલ કેટલા કેસો મામલતદાર કક્ષાએ તેમજ અપીલ કક્ષાએ પડતર છે,

(૨) ઉક્ત પડતર કેસો પૈકી અનુક્રમે એક વર્ષથી, છ માસથી, અને ત્રણ માસથી પડતર કેસો કેટલા છે,

(૩) છ માસથી લઇને એક વર્ષ સુધી પેન્ડીંગ રહેવાના કારણો શું છે, અને

(૪) પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે.

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૦૫/૦૬/૨૦૨૬)

(૧)

ક્રમ	તાલુકાનુ નામ/પ્રાંતનુ નામ	કેસોની સંખ્યા
૧	જૂનાગઢ–ગ્રામ્ય (મામલતદાર કક્ષાએ)	૯
	જૂનાગઢ, પ્રાંત કચેરી (અપીલ કક્ષાએ)	૧
૨	વિસાવદર (મામલતદાર કક્ષાએ)	૧૦
૩	ભેંસાણ (મામલતદાર કક્ષાએ)	૭
૨ અને ૩	પ્રાંત કચેરી, વિસાવદર અને ભેંસાણ (અપીલ કક્ષાએ)	૪
કુલ		**૩૧**

(૮૭–વિસાવદર વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ભેંસાણ તથા વિસાવદર તાલુકાનો સમાવેશ વિસાવદર પ્રાંતમાં થાય છે.)

(૨)

ક્રમ	તાલુકાનુ નામ/પ્રાંતનુ નામ	૩ માસ સુધી	૩ થી ૬ માસ	૬ માસથી ૧ વર્ષ
૧	જૂનાગઢ–ગ્રામ્ય (મામલતદાર કક્ષાએ)	૯	૦	૦
	પ્રાંત કચેરી, જૂનાગઢ (અપીલ)	૧	૦	૦
૨	વિસાવદર (મામલતદાર કક્ષાએ)	૪	૬	૦
૩	ભેંસાણ (મામલતદાર કક્ષાએ)	૪	૩	૦
૨ અને ૩	પ્રાંત કચેરી, વિસાવદર (અપીલ)	૪	૦	૦
કુલ		**૨૨**	**૯**	**૦**

(૮૭–વિસાવદર વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ભેંસાણ તથા વિસાવદર તાલુકાનો સમાવેશ વિસાવદર પ્રાંતમાં થાય છે.)

(૩) ખંડ – ૨ની વિગતે લાગુ નથી.

(૪) તા.૩૧/૦૮/૨૦૨૫ની સ્થિતિએ ૩૧–કેસ બાકી હતા જે પૈકી–૧૧ કેસોનો સપ્ટેમ્બર–૨૦૨૫માં નિકાલ થયેલ છે. બાકી રહેતા ૨૦ કેસોનો સત્વરે નિયમાનુસાર નિકાલ કરવામાં આવશે.

––––––––

કચ્છ જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે જમીન ફાળવણી

અતારાંકિતઃ ૧૯૭૧ (૧૮/૧૧/૨૦૨૫) **શ્રી ગોપાલભાઈ ઇટાલીયા** (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં મીઠા ઉત્પાદન હેતુ માટે કુલ કેટલા લોકોને ક્યા પ્રકારની કેટલી જમીન ભાડા પટ્ટે આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત ભાડાપટ્ટે આપેલ જમીન પૈકી કુલ કેટલી જમીનોના ભાડાપટ્ટાની મુદત કેટલા સમયથી પૂરી થઇ ગયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ મુદત પૂરી થયેલ જમીનોના ભાડા પટ્ટાની મુદત રિન્યુ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે અને તે પૈકી કેટલી અરજીઓ હાલ પડતર છે?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૦૫/૦૮/૨૦૨૬)

(૧) પત્રક સામેલ છે.

(૨) ઉક્ત ભાડાપટ્ટે આપેલ જમીન પૈકી કોઈ પણ લીઝના ભાડાપટ્ટાની મુદત પૂરી થયેલ નથી.

(૩) ઉક્ત ભાડાપટ્ટે આપેલ જમીન પૈકી કોઈ પણ લીઝના ભાડાપટ્ટાની મુદત પૂરી થયેલ ના હોઇ, પ્રશ્ન નથી.

પત્રક

ક્રમ	જમીન ફાળવણી તારીખ	નામ	મોજે	તાલુકો	સ.નં.	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી)	લીઝની મુદત
૧	તા.૨૬/૦૬/૨૦૨૪	જી.એચ.સી. એલ.લિ.	ઝારા-ઝુમારા	લખપત	અનસર્વેડ	હે. ૬૪૪૯-૫૩-૪૨ આરે ચો.મી.	તા.૩૧/૦૭/૨૦૫૩
૨	તા.૦૨/૦૮/૨૦૨૪	વ્હાઈટ વાઈબ સોલ્ટ પ્રા.લિ.	ધુનાય, શેહ, કપુરાશી, ફતેહગઢ	લખપત	અનસર્વેડ	હે. ૧૫૧૪-૩૮-૧૪ આરે ચો.મી.	તા.૩૧/૦૭/૨૦૫૩
૩	તા.૩૦/૧૧/૨૦૨૪	નીધી માઈનિંગ પ્રા. લિ.	મુધાન તથા સાંચરા	લખપત	અનસર્વેડ	હે. ૧૪૨૫૬-૫૧-૫૨ આરે ચો.મી.	તા.૩૧/૦૭/૨૦૫૩

જૂનાગઢ જિલ્લાના વન વસાહતી ગામોની મહેસૂલી ગામોમાં ફેરવવા

અતારાંકિતઃ ૧૯૮૭ (૧૨/૦૧/૨૦૨૬) **શ્રી સુધીરભાઈ વાઘાણી** (ગારીયાધાર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા વનવસાહતના ગામો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા વન વસાહત ગામોનું વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ સર્વે/મોજણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, તે પૈકી કેટલા ગામ મહેસૂલી ગામ જાહેર કરેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ વન વસાહતના કેટલા ગામોને મહેસૂલી ગામોમાં તબદીલ કરવાની બાબત કયા તબક્કે પડતર છે, અને

(૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૧૬/૦૫/૨૦૨૬)

(૧) વિસાવદર તાલુકા ખાતે કુલ-૨ અને મેંદરડા તાલુકા ખાતે કુલ-૩ વનવસાહતી ગામ મળીને કુલ-૫ (પાંચ) વનવસાહતી ગામ આવેલ છે.

(૨) કુલ-૩ (ત્રણ) વન વસાહત ગામોની સર્વે/મોજણી પૂર્ણ કરવામાં આવેલ છે. તે પૈકી એક પણ ગામ મહેસૂલી ગામ જાહેર કરેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ૩ (ત્રણ) ગામોમાં સર્વે/મોજણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને ૨(બે)-ગામો ખાતે સર્વે/મોજણીની કામગીરી નિયમોનુસારની કાર્યવાહી માટે પડતર છે.

(૪) નિયમોનુસારની પ્રક્રિયા પૂર્ણ થયેથી.

કોડીનાર તાલુકાના છારા ગામમાં સરકારી પડતર પર દબાણ બાબત

અતારાંકિતઃ ૨૦૩૯ (૧૧/૦૫/૨૦૨૬) **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોડીનાર તાલુકાના છારા ગામના સરકારી પડતર સર્વે નં.૭૦૩માં ગેરકાયદેસર દબાણ કરી બનાવેલ સીમેન્ટ રોડનું દબાણ દૂર કરવા કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ થયેલ દબાણ કેટલા ઈસમોએ કરેલ હોવાનું સામે આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ દબાણ દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૦૩/૦૯/૨૦૨૬)

(૧) ૦૧ (એક)

(૨) ૦૧ (એક)

(૩) મામલતદાર કોડીનારના દબાણ કેસ નં.૧/૨૦૨૪ તા.૦૩/૦૨/૨૦૨૫ ના હુકમથી દબાણ ખુલ્લુ કરવા તેમજ દંડ વસૂલ કરવા હુકમ થયેલ છે. તેમજ દબાણ નિયમિત કરવાની કાર્યવાહી ચાલુ છે.

ગીર સોમનાથ જિલ્લાના કડવાસણ ગામમાં સરકારી પડતરમાં દબાણ બાબત

અતારાંકિતઃ ૨૦૫૩ (૧૧/૦૫/૨૦૨૬) **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કડવાસણ ગામના સર્વે નં.૧૫ની સરકારી પડતર જમીનમાં કોમર્શિયલ બાંધકામો દૂર કરવા કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) ઉક્ત જમીન પર કેટલા ઈસમોએ દબાણ કરેલ હોવાનું સામે આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણ દૂર કરવા શી કાર્યવાહી કરેલ છે ?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૦૩/૦૯/૨૦૨૬)

(૧) ૦૩ (ત્રણ)

(૨) ઉક્ત ફરીયાદો અન્વયે સદરહું જમીન પર કોઈ દબાણ હોવા અંગેનો કિસ્સો માલુમ પડેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

ગીર સોમનાથ જિલ્લાના મિતિયાજ ગામમાં સરકારી પડતર પર દબાણ બાબત

અતારાંકિતઃ ૨૧૧૫ (૩૦/૦૬/૨૦૨૬) **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મિતિયાજ ગામના સર્વે નં.૫૧૫/૧ પૈકી સરકારી પડતર જમીનમાં થયેલ દબાણો દૂર કરવા કેટલી ફરીયાદો મળેલ છે,

(૨) ઉક્ત સરકારી જમીન પર કેટલા ઈસમોએ દબાણ કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણ દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી છે?

મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) **:** (૦૩/૦૯/૨૦૨૬)

(૧) ૦૦ (શૂન્ય)

(૨) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

રાજ્યમાં સ્ટેટ હાઈવે પર ટોલ ટેક્સ ઉઘરાવવા બાબત

અતારાંકિત: ૧૯૮૫ (૨૪/૧૨/૨૦૨૫) **શ્રી ગોપાલભાઈ ઈટાલીયા** (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:–

(૧) તા.૧૮/૧૨/૨૦૨૫થી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગુજરાત રાજ્યમાં આવેલ સ્ટેટ હાઈવે અને પુલો ઉપર જિલ્લાવાર કયા સ્થળે ટોલ ટેક્સ ઉઘરાવવામાં આવે છે,

(૨) ઉક્ત ટોલ ઉઘરાવવા માટે કઈ એજન્સીઓને કેટલા સમયગાળા માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૩) કયા માર્ગ કે પુલ ઉપર ટોલ ટેક્સ લેવાની સમય મર્યાદા પૂર્ણ થયેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તમામ રોડ કે પુલ ઉપર ટોલ ટેક્સ પેટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ પ્રાપ્ત કરવામાં આવી છે?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૨૪/૦૬/૨૦૨૬)

(૧) તા.૧૮/૧૨/૨૦૨૫થી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગુજરાત રાજ્યમાં આવેલ સ્ટેટ હાઇવે અને પુલો ઉપર ટોલ ટેક્સ ઉઘરાવવામાં આવતો નથી. પરંતુ, સરકારશ્રીના નિયત ધારાધોરણ મુજબ મંજૂર થયેલ ટોલ ફી લેવામાં આવે છે. જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે,

ક્રમ	જિલ્લો	સ્થળ
૧	અરવલ્લી	અલવા
૨	વડોદરા	વડોદરા
૩	વડોદરા	સાવલી
૪	વડોદરા	વાઘોડીયા
૫	પંચમહાલ	હાલોલ
૬	ગાંધીનગર	અડાલજ
૭	મહેસાણા	છત્રાલ
૮	મહેસાણા	નંદાસણ
૯	મહેસાણા	મેવાડ
૧૦	અમદાવાદ	સાણંદ
૧૧	સુરેન્દ્રનગર	માલવણ
૧૨	સુરેન્દ્રનગર	સોલડી
૧૩	મોરબી	અણીયારી
૧૪	રાજકોટ	વણપરી
૧૫	જામનગર	સોયલ
૧૬	જામનગર	બેડ
૧૭	પંચમહાલ	ખડકી
૧૮	પંચમહાલ	ગમન બારિયા ના મુવાડા
૧૯	અરવલ્લી	ગલીયાદંતી
૨૦	અરવલ્લી	ગાજણ
૨૧	બનાસકાંઠા	કંસારી
૨૨	બનાસકાંઠા	કુંચાવાડા
૨૩	સાબરકાંઠા	હિંમતનગર
૨૪	કચ્છ	દેશલપર
૨૫	કચ્છ	અંગિયા
૨૬	કચ્છ	લાખોંદ
૨૭	સુરત	કરંજ
૨૮	સુરત	તડકેશ્વર
૨૯	ભરૂચ	કેશરોલ
૩૦	આણંદ	બોચાસણ
૩૧	અમદાવાદ	વટામણ

(૨) ઉક્ત ટોલ ઉઘરાવવા માટે નીચે મુજબની એજન્સીઓને નીચે મુજબના સમયગાળા માટે મંજુરી આપવામાં આવેલ છે,

સ્થળ	એજન્સીનું નામ	મંજૂર થયેલ સમયગાળો
અલવા	મેસર્સ આશિર્વાદ સ્માર્ટ ઇન્ફ્રાલીંક પ્રા. લી.	તા.૧૪/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૪/૨૦૨૩ સુધી

સ્થળ	એજન્સીનું નામ	મંજૂર થયેલ સમયગાળો
	મેસર્સ જી.પી.સી.ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી.	તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૧૬/૦૯/૨૦૨૪ સુધી
	મેસર્સ મેક્સ લિંક, પૂણે	તા.૧૭/૦૯/૨૦૨૪ થી આજદિન સુધી
વડોદરા	ગુજરાત રોડ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ	તા.૨૩/૧૦/૨૦૩૦
સાવલી		
વાઘોડીયા		
હાલોલ		
અડાલજ	ગુજરાત રોડ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ	તા.૧૯/૦૨/૨૦૩૩
છત્રાલ		
નંદાસણ		
મેવાડ		
સાણંદ	મેં. અમદાવાદ માળિયા ટોલવે પ્રા.લી.	તા.૧૮/૧૨/૨૦૨૨ થી તા.૧૮/૧૨/૨૦૨૫ (તા.૧૯/૫/૨૦૩૬ સુધી મંજૂર) હાલમાં ચારમાર્ગીયમાંથી છ માર્ગીય કરવાની કામગીરી પ્રગતિમાં છે.
માલવણ		
સોલડી		
અણીયારી		
વણપરી	મેં. રાજકોટ વાડીનાર ટોલવે પ્રા.લી.	તા.૧૮/૧૨/૨૦૨૨ થી તા.૧૮/૧૨/૨૦૨૫ (તા.૨૨/૦૨/૨૦૩૦ સુધી મંજૂર)
સોયલ		
બેડ		
ખડકી	મેં. કલ્યાણ હાલોલ શામળાજી ટોલવે પ્રા.લી.	તા.૧૮/૧૨/૨૦૨૨ થી તા.૧૮/૧૨/૨૦૨૫ (તા.૧૩/૦૨/૨૦૩૦ સુધી મંજૂર)
ગમન બારિયાના મુવાડા		
ગલીયાદંતી		
ગાજણ		
કંસારી	મેં. રણજીત ટોલ રોડ પ્રા. લી.	તા ૧૮/૧૨/૨૦૨૨ થી તા.૧૭/૧૨/૨૦૨૫ (તા.૨૯/૩/૨૦૩૮ સુધી મંજૂર)
કુંચાવડા		
હિંમતનગર	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા ૧૮/૧૨/૨૦૨૨ થી તા.૧૭/૧૨/૨૦૨૩
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા ૧૮/૧૨/૨૦૨૩ થી તા.૧૭/૧૨/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા ૧૮/૧૨/૨૦૨૪ થી તા.૧૫/૦૫/૨૦૨૫
	મેં. ખલત્કર પ્રા. લી.	તા ૧૬/૦૫/૨૦૨૫ થી તા.૧૮/૧૨/૨૦૨૫
દેશલપર	મેં એસ ડી એન્ટરપ્રાઇઝ પ્રાલી	તા ૧૮/૧૨/૨૦૨૨ થી તા.૧૭/૧૨/૨૦૨૩
	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૩ થી તા. ૨૯/૦૧/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૩૦/૦૧/૨૦૨૪ થી તા. ૧૭/૧૨/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૪ થી તા. ૧૮/૧૨/૨૦૨૫
અંગિયા	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૨ થી તા. ૧૭/૧૨/૨૦૨૩
	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૩ થી તા. ૦૫/૦૨/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૦૬/૦૨/૨૦૨૪ થી તા. ૧૭/૧૨/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૪ થી તા. ૧૮/૧૨/૨૦૨૫
લાખોંદ	મેં. વાલેચા, કચ્છ ટોલરોડ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૨ થી તા. ૨૭/૨/૨૦૨૩
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૨૮/૨/૨૦૨૩ થી તા. ૧૭/૧૨/૨૦૨૩
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૩ થી તા. ૧૭/૧૨/૨૦૨૪

સ્થળ	એજન્સીનું નામ	મંજૂર થયેલ સમયગાળો
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૪ થી તા. ૦૫/૦૧/૨૦૨૫
	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૦૬/૦૧/૨૦૨૫ થી તા. ૧૮/૧૨/૨૦૨૫
કરંજ	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૨ થી તા. ૧૭/૧૨/૨૦૨૩
	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૩ થી તા. ૧૬/૦૮/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૭/૦૮/૨૦૨૪ થી તા. ૧૭/૧૨/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૪ થી તા. ૧૮/૧૨/૨૦૨૫
તડકેશ્વર	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૨ થી તા. ૧૭/૧૨/૨૦૨૩
	મેં એસ ડી એન્ટરપ્રાઈઝ પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૩ થી તા. ૧૬/૦૮/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૭/૦૮/૨૦૨૪ થી તા. ૧૭/૧૨/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૪ થી તા. ૧૮/૧૨/૨૦૨૫
કેશરોલ	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા. ૧૮/૧૨/૨૦૨૨ થી તા. ૨૫/૮/૨૦૨૩
	મેં ઇન્દ્રદીપ કન્સ્ટ્રક્શન	તા. ૨૬/૮/૨૦૨૩ થી તા. ૧૭/૧૨/૨૦૨૩
	મેં ઇન્દ્રદીપ કન્સ્ટ્રક્શન	તા. ૧૮/૧૨/૨૦૨૩ થી તા. ૧૭/૧૨/૨૦૨૪
	મેં ઇન્દ્રદીપ કન્સ્ટ્રકશન	તા.૧૮/૧૨/૨૦૨૪ થી તા.૦૬/૦૧/૨૦૨૫
	મેં. આશીર્વાદ ઇન્ફ્રા	તા.૭/૧/૨૦૨૫ થી તા.૧૮/૧૨/૨૦૨૫
બોચાસણ	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા.૧૮/૧૨/૨૦૨૨ થી તા.૧૭/૧૨/૨૦૨૩
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા.૧૮/૧૨/૨૦૨૩ થી તા.૧૭/૧૨/૨૦૨૪
	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા.૧૮/૧૨/૨૦૨૪ થી તા.૦૧/૦૪/૨૦૨૫
	મેં ઇન્દ્રદીપ કન્સ્ટ્રકશન	તા.૦૨/૦૪/૨૦૨૫ થી તા.૧૮/૧૨/૨૦૨૫
વટામણ	મેં. મેક્સલીંક પ્રા. લી.	તા.૧૮/૧૨/૨૦૨૨ થી તા.૨૫/૮/૨૦૨૩
	મેં હાઈપે એન્ડ ટંડન	તા.૨૬/૮/૨૦૨૩ થી તા.૧૭/૧૨/૨૦૨૩
	મેં હાઈપે એન્ડ ટંડન	તા.૧૮/૧૨/૨૦૨૩ થી તા.૧૭/૧૨/૨૦૨૪
	મેં હાઈપે એન્ડ ટંડન	તા.૧૮/૧૨/૨૦૨૪ થી તા.૦૬/૦૧/૨૦૨૫
	મેં સહકાર ગ્લોબલ પ્રા. લી.	તા.૦૭/૦૧/૨૦૨૫ થી તા.૧૮/૧૨/૨૦૨૫

(૩) શૂન્ય.

(૪) છેલ્લા ત્રણ વર્ષમાં સરકારશ્રીમાં જમા થયેલ યુઝર ફી ની રકમ રૂ.૭૧૫.૬૯૩ કરોડ છે, જ્યારે ખાનગીકરણના પ્રોજેક્ટ માટે કન્સેશનર દ્વારા કરેલ કરારના કલોઝ મુજબ યુઝર ફી ઉઘરાવવામાં આવે છે.

ગીર સોમનાથ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના કામો

અતારાંકિતઃ ૨૦૩૮ (૧૧/૦૫/૨૦૨૬) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગોહીલની ખાણ–ઓ.જી. વિસ્તાર જોડતો રસ્તો, હામલી–છારા ગામ જોડતો રસ્તો, દેવળી–રોણાજ ગામ જોડતો રસ્તો, મિતિયાજ–કરેડા ગામ જોડતા રસ્તા સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાની કામગીરી અધુરી છે કે કેમ,

(૩) જો હા, તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ અધુરી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૦/૦૭/૨૦૨૬)

(૧) અને (૨) હા, જી.

(૩) તમામ કામોમાં સ્થાનિક ખેડૂત ખાતેદારોના વિરોધ, જમીન સંબંધિત વિવાદો તથા સ્થળ પર સર્જાયેલા અવરોધોને કારણે કામગીરીમાં વિલંબ થયેલ.

(૪) ખેડૂત ખાતેદારો દ્વારા જરૂરી સંમતિ/જમીન ઉપલબ્ધ થયા બાદ નિયમોનુસારની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બાકી રહેલ કામગીરી કરવામાં આવશે.

ગીર સોમનાથ જિલ્લામાં ભાખા–એભલવડ રોડની કામગીરી

અતારાંકિતઃ ૨૧૧૬ (૩૦–૦૬–૨૦૨૬) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના ભાખા–એભલવડ રોડની કામગીરી માટે તા.૧૦/૧૦/૨૦૧૭ના રોજ આપેલ વર્ક ઓર્ડરના રસ્તાની કામગીરી આજદીન સુધીમાં નહીં થવાની કેટલી ફરીયાદો મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો પરત્વે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાની કામગીરી પૂર્ણ કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૦૯–૦૯–૨૦૨૬)

(૧) કુલ ૭ (સાત) ફરિયાદો મળેલ છે.

(૨) અને (૩) તા. ૧૦–૧૦–૨૦૧૭ના રોજ આપેલ વર્ક ઓર્ડર મુજબ ભાખા–એભલવડ રોડ પર શરૂઆતના ૨.૩ કિમીમાં ખેડૂતોએ સ્વૈચ્છિક જમીન આપતા મેટલીંગનું કામ પૂર્ણ કરાયું હતું. પરંતુ આગળના ભાગમાં પાકા મકાનોના દબાણ અને નદીનું વહેણ હોવાથી કામ અટકી ગયું હતું, જેથી સમયમર્યાદા પૂરી થતાં જૂના કોન્ટ્રાક્ટરને કામમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સ્થાનિકોની રજૂઆતથી કલેક્ટરશ્રીના આદેશ મુજબ ડી.આઈ.એલ.આર. (DILR) કચેરી દ્વારા માપણી કરાવીને સર્વે નંબર ૧૮૧, ૧૮૨ અને ૨૧૦ પરથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

દબાણ દૂર કર્યા બાદ પણ રસ્તા માટે પૂરતી જગ્યા મળતી નથી અને સ્થાનિક ખેડૂતો વધારાની જમીન આપવા સંમત નથી. રસ્તાની એક તરફ ખેડૂતોની માલિકીની જમીન અને બીજી તરફ નદીનું વહેણ હોવાથી જો નદીમાં રોડ બનાવાય તો પાણીનો પ્રવાહ રોકાઈને ચોમાસામાં ગંભીર પ્રશ્નો ઊભા થઈ શકે તેમ છે. આથી પૂરતી જગ્યા ઉપલબ્ધ ન હોવાને કારણે હાલ આ સ્થળે રસ્તાની કામગીરી શક્ય નથી.

કોડીનાર નગરપાલિકામાં ગેરકાયદેસર બાંધકામ

અતારાંકિતઃ ૨૦૩૬ (૨૮–૦૪–૨૦૨૬) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૦૩–૨૦૨૬ની સ્થિતિએ કોડીનાર નગરપાલિકા વિસ્તારમાં નવા બસ સ્ટેન્ડ સામે બનેલ સીટી સેન્ટર કોમ્પલેક્ષના મંજૂર થયેલ પ્લાન, નકશા પ્રમાણે બાંધકામ ન થવા અંગે તેમજ બી.યુ. સર્ટિફિકેટ મેળવ્યા સિવાય થયેલ બાંધકામ અંગે છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ફરિયાદોમાં જણાવેલ ગેરકાયદેસર બાંધકામો ક્યાં સુધીમાં દૂર કરાવવામાં આવશે ?

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી : (૦૩–૦૭–૨૦૨૬)

(૧) ૩ (ત્રણ)

(૨) ઉક્ત રજૂઆત વાળી મિલ્કતનાં બાંધકામ માટે વર્ષ ૨૦૧૬માં મંજૂરી આપવામાં આવેલી છે, તેમજ સદરહું મિલ્કતમાં કરવામાં આવેલ બાંધકામ અંગે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજ્ય) પેટા વિભાગની કચેરીનાં પત્ર નં. પીબી/રોડ/૨૩૭ તા.૩૦/૦૪/૨૦૨૫ની વિગતે તાંત્રિક સ્ટાફ દ્વારા સ્થળ તપાસ કરતા બાંધકામ રસ્તાની આર. ઓ. ડબલ્યુ.ની બહાર આવેલ હોવાનું જણાવેલ છે આથી બાંધકામ દૂર કરવાની કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકામાં ટી.પી. સ્કીમો

અતારાંકિતઃ ૨૧૦૫ (૨૨–૦૫–૨૦૨૬) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકામાં કેટલી ફાઇનલ અને કેટલી ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઇ ડ્રાફ્ટ ટી.પી. કયા કારણોસર પડતર છે, અને

(૩) ઉક્ત ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ ક્યાં સુધીમાં ફાઇનલ કરવામાં આવશે ?

શહેરી વિકાસ મંત્રીશ્રી : (૨૭–૦૮–૨૦૨૬)

(૧)

મહાનગરપાલિકા	ફાઇનલ ટી.પી. સ્કીમો	ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો
ભાવનગર	૧૨	૦૦
જૂનાગઢ	૦૨	૦૩

(૨) જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા કુલ–૩ (ત્રણ) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો તૈયાર કરવાની કામગીરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ હેઠળ જારીમાં છે.

(૩) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ કલમ–૪૮ હેઠળ મંજૂર થયા બાદ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ મુજબ કલમ–૫૧ હેઠળની સમયમર્યાદામાં.

ગાંધીનગર અને જામનગર મહાનગરપાલિકામાં ટી.પી. સ્કીમો

અતારાંકિતઃ ૨૧૦૬ (૨૨–૦૫–૨૦૨૬) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ ગાંધીનગર અને જામનગર મહાનગરપાલિકામાં કેટલી ફાઇનલ અને કેટલી ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઇ ડ્રાફ્ટ ટી.પી. કયા કારણોસર પડતર છે, અને

(૩) ઉક્ત ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ ક્યાં સુધીમાં ફાઇનલ કરવામાં આવશે ?

શહેરી વિકાસ મંત્રીશ્રી : (૧૯–૦૮–૨૦૨૬)

(૧)

મહાનગરપાલિકા	ફાઇનલ ટી.પી. સ્કીમો	ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો
ગાંધીનગર	૧૩	૦૨
જામનગર	૦૭	૦૪

(૨) ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુલ–૨ (બે) અને જામનગર મહાનગરપાલિકા દ્વારા કુલ–૪ (ચાર) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો તૈયાર કરવાની કામગીરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ હેઠળ જારીમાં છે.

(૩) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ કલમ–૪૮ હેઠળ મંજૂર થયા બાદ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ મુજબ કલમ–૫૧ હેઠળની સમયમર્યાદામાં.

સુરત અને રાજકોટ મહાનગરપાલિકામાં ટી.પી. સ્કીમો

અતારાંકિતઃ ૨૧૦૭ (૨૨–૦૫–૨૦૨૬) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ સુરત અને રાજકોટ મહાનગરપાલિકામાં કેટલી ફાઇનલ અને કેટલી ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઇ ડ્રાફ્ટ ટી.પી. કયા કારણોસર પડતર છે, અને

(૩) ઉક્ત ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ ક્યાં સુધીમાં ફાઇનલ કરવામાં આવશે ?

શહેરી વિકાસ મંત્રીશ્રી : (૧૯-૦૮-૨૦૨૬)

(૧)

મહાનગરપાલિકા	ફાઇનલ ટી.પી. સ્કીમો	ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો
સુરત	૭૪	૦૬
રાજકોટ	૪૪	૦૫

(૨) સુરત મહાનગરપાલિકા દ્વારા કુલ-૬ (છ) અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ-૫ (પાંચ) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો તૈયાર કરવાની કામગીરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ હેઠળ જારીમાં છે.

(૩) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ કલમ-૪૮ હેઠળ મંજૂર થયા બાદ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ મુજબ કલમ-૫૧ હેઠળની સમયમર્યાદામાં.

અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકામાં ટી.પી. સ્કીમો

અતારાંકિતઃ ૨૧૦૮ (૨૨-૦૫-૨૦૨૬) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકામાં કેટલી ફાઇનલ અને કેટલી ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઇ ડ્રાફ્ટ ટી.પી. કયા કારણોસર પડતર છે, અને

(૩) ઉક્ત ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ ક્યાં સુધીમાં ફાઇનલ કરવામાં આવશે ?

શહેરી વિકાસ મંત્રીશ્રી : (૨૭-૦૮-૨૦૨૬)

(૧)

મહાનગરપાલિકા	ફાઇનલ ટી.પી. સ્કીમો	ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો
અમદાવાદ	૧૭૨	૦૦
વડોદરા	૩૮	૦૨

(૨) વડોદરા મહાનગરપાલિકા દ્વારા કુલ-૨ (બે) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો તૈયાર કરવાની કામગીરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ હેઠળ જારીમાં છે.

(૩) ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ કલમ-૪૮ હેઠળ મંજૂર થયા બાદ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ મુજબ કલમ-૫૧ હેઠળની સમયમર્યાદામાં.

બનાસકાંઠા, અરવલ્લી અને મહિસાગર જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના

અતારાંકિતઃ ૨૧૪૬ (૦૬-૦૭-૨૦૨૬) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૦૫/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા, અરવલ્લી અને મહિસાગર જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષવાર કેટલું બજેટ ફાળવવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉક્ત યોજના હેઠળ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો માટે કુલ કેટલો ખર્ચ થયો ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૩૧-૦૮-૨૦૨૬)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩) પત્રક-૩ મુજબ.

(૪) પત્રક-૪ મુજબ.

પત્રક-૧*

ક્રમ	વર્ષ	જિલ્લાવાર બજેટ જોગવાઈ (₹. લાખમાં)		
		બનાસકાંઠા	અરવલ્લી	મહિસાગર
૧	૨૦૨૩-૨૪	૭૮૮.૬૬	૭૯૭.૮૪	૧૩૪૫.૦૨
૨	૨૦૨૪-૨૫	૧૩૯૮.૪૨	૧૪૩૭.૯૩	૨૨૮૪.૪૫
૩	૨૦૨૫-૨૬	૨૨૭૫.૭૫	૨૪૭૫.૯૭	૩૯૫૧.૩૮

પત્રક-૨*

ક્રમ	જિલ્લા	તાલુકા	તાલુકાવાર મંજૂર થયેલા કામોની રકમ (₹. લાખમાં)		
			૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬
૧	બનાસકાંઠા	દાંતા	૪૧૨.૩૨	૭૪૮.૭૬	૧૨૦૫.૩૫
		અમીરગઢ	૨૭૬.૯૫	૪૮૧.૦૯	૮૨૩.૮૩
		પાલનપુર	૨૫.૭૧	૪૯.૪૦	૯૪.૭૧
		દાંતીવાડા	૭.૨૦	૬.૦૦	૨૫.૬૩
		ડીસા	૧૫.૯૨	૩૦.૧૯	૭૦.૦૦
		લાખણી	૧.૫૦	૦.૦૦	૧૦.૦૦
		ધાનેરા	૨૫.૨૩	૪૨.૭૮	૯૭.૬૦
		વાવ	૦.૦૦	૫.૦૦	૧૦.૦૦
		સુઈગામ	૨.૮૯	૦.૦૦	૫.૦૦
		વડગામ	૨.૫૦	૧૧.૫૧	૨૫.૦૦
		થરાદ	૯.૫૯	૧૬.૪૪	૩૯.૫૭
		કાંકરેજ	૧.૦૦	૧.૦૦	૩.૫૦
		દિયોદર	૪.૮૦	૬.૨૬	૨૦.૦૧
૨	અરવલ્લી	ભિલોડા	૫૩૫.૮૫	૯૯૦.૪૭	૧૬૧૭.૫૯
		મેઘરજ	૨૩૦.૫૩	૪૫૦.૯૬	૭૨૪.૮૦
		મોડાસા	૫.૭૧	૭.૨૨	૨૨.૩૭
		માલપુર	૫.૫૨	૧૦.૭૦	૩૧.૯૨
૩	મહિસાગર	સંતરામપુર	૬૯૮.૨૧	૧૪૬૪.૩૮	૨૫૭૦.૨૦
		કડાણા	૩૫૭.૧૮	૭૪૭.૮૩	૧૨૩૭.૪૩
		લુણાવાડા	૦.૦૦	૧૬.૬૬	૪૫.૦૩
		ખાનપુર	૬.૪૬	૨૯.૬૯	૮૫.૦૦

		બાલાસિનોર	૧.૯૦	૩.૧૩	૬.૫૩
		વિરપુર	૦.૦૦	૦.૦૦	૦.૦૦

પત્રક–૩*

ક્રમ	જિલ્લા	પૂર્ણ થયેલ કામોની સંખ્યા	બાકી કામોની સંખ્યા
૧	બનાસકાંઠા	૯૫૬	૨૬૬
૨	અરવલ્લી	૪૦૩	૫૫૩
૩	મહિસાગર	૩૧૬૧	૩૭૯

પત્રક–૪*

ક્રમ	જિલ્લા	થયેલ ખર્ચ (₹. લાખમાં)
૧	બનાસકાંઠા	૩૦૪૧.૯૯
૨	અરવલ્લી	૧૫૬૪.૨૯
૩	મહિસાગર	૬૭૮૦.૨૪

*ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત જે તે નાણાકીય વર્ષ માટે જોગવાઈ અને આયોજન કરવામાં આવતું હોઈ, ઉક્ત માહિતી નાણાકીય વર્ષ મુજબની છે.

––––––––

સાબરકાંઠા, સુરત અને તાપી જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના

અતારાંકિતઃ ૨૧૫૧ (૦૬–૦૭–૨૦૨૬) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૦૫/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા, સુરત અને તાપી જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષવાર કેટલું બજેટ ફાળવવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉક્ત યોજના હેઠળ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો માટે કુલ કેટલો ખર્ચ થયો ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૩૧–૦૮–૨૦૨૬)

(૧) પત્રક–૧ મુજબ.

(૨) પત્રક–૨ મુજબ.

(૩) પત્રક–૩ મુજબ.

(૪) પત્રક–૪ મુજબ.

પત્રક–૧*

ક્રમ	વર્ષ	જિલ્લાવાર બજેટ જોગવાઈ (₹. લાખમાં)		
		સાબરકાંઠા	સુરત	તાપી
૧	૨૦૨૩–૨૪	૧૨૪૦.૪૫	૨૭૬૦.૫૬	૨૬૭૩.૯૬

૨	૨૦૨૪–૨૫	૨૨૨૪.૪૫	૪૯૧૬.૧૫	૪૮૦૧.૨૩
૩	૨૦૨૫–૨૬	૩૩૫૮.૮૧	૮૭૩૧.૮૭	૮૨૪૬.૧૩

પત્રક–૨*

ક્રમ	જિલ્લા	તાલુકા	તાલુકાવાર મંજૂર થયેલા કામોની રકમ (₹. લાખમાં)		
			૨૦૨૩–૨૪	૨૦૨૪–૨૫	૨૦૨૫–૨૬
૧	સાબરકાંઠા	ખેડબ્રહ્મા	૩૭૬.૪૭	૬૭૯.૬૬	૧૦૧૪.૮૦
		પોશીના	૪૯૩.૬૨	૮૭૯.૦૮	૧૩૨૧.૬૯
		વિજયનગર	૩૨૧.૦૭	૫૭૯.૬૫	૮૬૫.૪૫
		ઈડર	૩૪.૩૧	૬૧.૯૫	૯૨.૪૯
		વડાલી	૧૪.૯૮	૨૪.૧૧	૬૪.૩૮
૨	સુરત	માંડવી	૫૪૮.૫૬	૧૦૦૯.૯૭	૧૭૮૦.૭૭
		માંગરોળ	૩૨૬.૨૫	૬૭૪.૦૬	૧૧૩૭.૪૧
		ઉમરપાડા	૨૬૦.૬૫	૫૯૭.૮૪	૯૬૦.૩૫
		બારડોલી	૩૭૨.૩૨	૬૭૬.૩૨	૧૧૪૬.૮૭
		મહુવા	૪૩૨.૬૯	૭૭૦.૪૪	૧૪૦૪.૧૯
		કામરેજ	૧૮૦.૫૨	૩૨૩.૩૧	૭૩૧.૧૯
		પલસાણા	૧૪૩.૫૨	૨૩૧.૩૨	૫૦૫.૦૧
		ઓલપાડ	૧૬૧.૪૯	૨૫૯.૯૨	૫૬૩.૭૮
		ચોર્યાસી	૧૦૬.૭૫	૧૭૫.૩૨	૩૩૦.૧૩
૩	તાપી	સોનગઢ	૭૨૧.૯૭	૧૨૯૬.૩૩	૨૨૨૬.૪૬
		વ્યારા	૫૩૪.૭૯	૯૬૦.૨૫	૧૬૪૯.૨૩
		ડોલવણ	૩૭૪.૩૫	૬૭૨.૧૭	૧૧૫૪.૪૬
		વાલોડ	૨૬૭.૪૦	૪૮૦.૧૨	૮૨૪.૬૧
		ઉચ્છલ	૩૪૭.૬૧	૬૨૪.૧૬	૧૦૭૨.૦૦
		નિઝર	૨૧૩.૯૨	૩૮૪.૧૦	૬૫૯.૬૯
		કુકરમુંડા	૨૧૩.૯૨	૩૮૪.૧૦	૬૫૯.૬૯

પત્રક–૩*

ક્રમ	જિલ્લા	પૂર્ણ થયેલ કામોની સંખ્યા	બાકી કામોની સંખ્યા
૧	સાબરકાંઠા	૧૧૨૩	૩૫૩
૨	સુરત	૧૨૦૬	૧૬૦૫
૩	તાપી	૮૮૨	૧૬૩૭

પત્રક–૪*

ક્રમ	જિલ્લા	થયેલ ખર્ચ (₹. લાખમાં)
૧	સાબરકાંઠા	૪૬૦૯.૨૮
૨	સુરત	૩૮૫૦.૧૮
૩	તાપી	૩૮૭૨.૭૨

*ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત જે તે નાણાકીય વર્ષ માટે જોગવાઈ અને આયોજન કરવામાં આવતું હોઈ, ઉક્ત માહિતી નાણાકીય વર્ષ મુજબની છે.

દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના

અતારાંકિતઃ ૨૧૫૨ (૦૬–૦૭–૨૦૨૬) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૦૫/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ, પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષવાર કેટલું બજેટ ફાળવવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉક્ત યોજના હેઠળ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો માટે કુલ કેટલો ખર્ચ થયો ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૩૧–૦૮–૨૦૨૬)

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૨ મુજબ

(૩) પત્રક–૩ મુજબ

(૪) પત્રક–૪ મુજબ

પત્રક–૧*

ક્રમ	વર્ષ	જિલ્લાવાર બજેટ જોગવાઈ (રૂ. લાખમાં)		
		દાહોદ	પંચમહાલ	છોટાઉદેપુર
૧	૨૦૨૩–૨૪	૬૨૧૦.૦૦	૧૦૫૭.૩૯	૩૨૯૨.૯૮
૨	૨૦૨૪–૨૫	૧૧૧૬૮.૧૮	૧૮૭૬.૨૨	૫૯૩૬.૪૯
૩	૨૦૨૫–૨૬	૧૬૭૨૦.૯૮	૩૪૦૯.૨૮	૧૦૨૩૫.૨૬

પત્રક–૨*

ક્રમ	જિલ્લા	તાલુકા	તાલુકાવાર મંજૂર થયેલા કામોની રકમ (રૂ. લાખમાં)		
			૨૦૨૩–૨૪	૨૦૨૪–૨૫	૨૦૨૫–૨૬
૧	**દાહોદ**	દાહોદ	૧૧૧૭.૮૦	૨૦૧૦.૨૭	૩૦૦૯.૭૮
		ગરબાડા	૮૦૭.૩૦	૧૪૫૧.૮૬	૨૧૭૩.૭૩
		ઝાલોદ	૧૨૭૩.૦૫	૨૨૮૯.૪૮	૩૪૨૭.૮૦
		ફતેપુરા	૯૩૧.૫૦	૧૬૭૫.૨૩	૨૫૦૮.૧૫
		સંજેલી	૩૪૧.૫૫	૬૧૪.૨૫	૯૧૯.૬૫
		સીંગવડ	૨૮૫.૬૬	૫૧૩.૭૪	૭૬૯.૧૭
		લીમખેડા	૪૨૮.૪૯	૭૭૦.૬૦	૧૧૫૩.૭૫
		ધાનપુર	૬૫૨.૦૫	૧૧૭૨.૬૬	૧૭૫૫.૭૦
		દે.બારીયા	૩૭૨.૬૦	૬૭૦.૦૯	૧૦૦૩.૨૫
૨	**પંચમહાલ**	શહેરા	૭૬.૬૦	૧૩૧.૭૭	૨૭૪.૫૭

ક્રમ	જિલ્લા	તાલુકા	તાલુકાવાર મંજૂર થયેલા કામોની રકમ (રૂ. લાખમાં)		
			૨૦૨૩–૨૪	૨૦૨૪–૨૫	૨૦૨૫–૨૬
		મોરવા (હ)	૨૪૭.૬૫	૪૪૩.૪૭	૭૭૧.૬૬
		ગોધરા	૧૩૧.૩૫	૨૨૯.૧૪	૪૪૯.૫૮
		ઘોઘંબા	૩૩૪.૧૬	૫૯૯.૯૯	૧૦૩૦.૪૯
		કાલોલ	૪૧.૧૪	૭૦.૮૯	૧૪૬.૫૮
		હાલોલ	૧૮૩.૭૨	૩૨૫.૦૬	૫૯૮.૬૦
		જાંબુઘોડા	૪૨.૭૬	૭૫.૮૯	૧૩૭.૮૧
૩	**છોટાઉદેપુર**	છોટાઉદેપુર	૭૪૭.૮૫	૧૫૭૩.૮૭	૧૬૮૪.૦૪
		પાવી જેતપુર	૪૬૩.૩૭	૮૦૪.૯૦	૧૦૩૫.૧૨
		ક્વાંટ	૮૫૯.૮૬	૧૨૬૭.૭૯	૧૬૦૬.૧૬
		નસવાડી	૪૪૬.૩૨	૧૦૯૦.૬૬	૧૨૬૮.૩૧
		બોડેલી અને સંખેડા	૩૨૧.૦૭	૭૬૯.૫૬	૧૨૭૫.૭૬

પત્રક–૩*

ક્રમ	જિલ્લા	પૂર્ણ થયેલ કામોની સંખ્યા	બાકી કામોની સંખ્યા
૧	**દાહોદ**	૧,૮૫૩	૩,૦૯૮
૨	**પંચમહાલ**	૧,૮૪૨	૭૨૬
૩	**છોટાઉદેપુર**	૨,૨૬૮	૨,૯૨૫

પત્રક–૪*

ક્રમ	જિલ્લા	થયેલ ખર્ચ (રૂ. લાખમાં)
૧	**દાહોદ**	૧૧,૫૨૬.૦૮
૨	**પંચમહાલ**	૩,૮૫૨.૮૧
૩	**છોટાઉદેપુર**	૫,૨૦૩.૭૫

* ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત જે તે નાણાકીય વર્ષ માટે જોગવાઇ અને આયોજન કરવામાં આવતું હોઇ, ઉક્ત માહિતી નાણાકીય વર્ષ મુજબની છે.

––––––––

નર્મદા અને ભરૂચ જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના

અતારાંકિતઃ ૨૧૬૧ (૦૬–૦૭–૨૦૨૬) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૦૫/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વર્ષવાર કેટલું બજેટ ફાળવવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ઉક્ત યોજના હેઠળ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો માટે કુલ કેટલો ખર્ચ થયો ?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૩૧–૦૮–૨૦૨૬)

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૨ મુજબ

(૩) પત્રક–૩ મુજબ

(૪) પત્રક–૪ મુજબ

પત્રક–૧*

ક્રમ	વર્ષ	જિલ્લાવાર બજેટ જોગવાઇ (રૂ. લાખમાં)	
		નર્મદા	ભરૂચ
૧	૨૦૨૩–૨૪	૧૮૯૪.૬૬	૧૩૨૭.૦૨
૨	૨૦૨૪–૨૫	૩૫૨૮.૧૫	૨૩૫૧.૨૨
૩	૨૦૨૫–૨૬	૫૮૪૨.૮૬	૩૮૪૮.૬૩

પત્રક–૨*

ક્રમ	જિલ્લા	તાલુકા	તાલુકાવાર મંજૂર થયેલા કામોની રકમ (રૂ. લાખમાં)		
			૨૦૨૩–૨૪	૨૦૨૪–૨૫	૨૦૨૫–૨૬
૧	**નર્મદા**	નાંદોદ	૪૭૪.૪૮	૮૬૫.૧૦	૧૨૮૬.૯૩
		ગરુડેશ્વર	૩૦૪.૩૨	૫૫૩.૯૦	૮૦૬.૯૦
		દેડીયાપાડા	૫૫૦.૨૪	૧૦૧૨.૦૪	૧૪૭૯.૫
		સાગબારા	૩૫૮.૨૩	૬૬૨.૭૮	૯૬૬.૩૦
		તિલકવાડા	૨૦૭.૪	૩૯૫.૧૨	૫૫૨.૯૦
૨	**ભરૂચ**	ઝગડીયા	૩૪૩.૮૭	૭૧૪.૮૯	૧૧૫૩.૮૬
		વાલીયા	૨૫૫.૬૮	૫૨૫.૩૧	૮૪૩.૮૮
		નેત્રંગ	૩૩૯.૭૨	૫૪૨.૫૨	૮૪૩.૫૪
		અંકલેશ્વર	૧૮૮.૭૩	૩૩૯.૨૭	૫૨૪.૨૩
		આમોદ	૩૫.૫૨	૫૮.૪૮	૧૪૫.૦૮
		હાંસોટ	૪૦.૩૧	૫૩.૪૧	૧૨૧.૧૯
		ભરૂચ	૮૦.૨૫	૧૧૮.૬૭	૨૯૮.૯૪
		વાગરા	૧૮.૧૪	૪૦.૩૬	૧૪૬.૩૮
		જંબુસર	૧૪.૯૨	૩૦.૮૩	૮૨.૩૭

પત્રક–૩*

ક્રમ	જિલ્લા	પૂર્ણ થયેલ કામોની સંખ્યા	બાકી કામોની સંખ્યા
૧	**નર્મદા**	૧૨૩૫	૩૦૯
૨	**ભરૂચ**	૧૨૦૦	૮૭૬

પત્રક–૪*

ક્રમ	જિલ્લા	થયેલ ખર્ચ (રૂ. લાખમાં)
૧	નર્મદા	૧૦,૪૭૬.૧૩

૨	ભરૂચ	૩,૯૨૭.૭૭

* ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત જે તે નાણાકીય વર્ષ માટે જોગવાઇ અને આયોજન કરવામાં આવતું હોઇ, ઉક્ત માહિતી નાણાકીય વર્ષ મુજબની છે.

———————

ખાનગી વીજ કંપનીઓ સાથે ગુજરાત સરકારના પાવર પરચેઝ એગ્રીમેન્ટ

અતારાંકિતઃ ૨૦૦૮ (૨૧–૦૨–૨૦૨૬) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કઈ ખાનગી કંપનીઓ પાસેથી પાવર ખરીદવાના પાવર પરચેઝ એગ્રીમેન્ટ થયેલ છે,

(૨) ઉક્ત એગ્રીમેન્ટ ક્યારે, કેટલા વર્ષ માટે અને ક્યા ભાવે કરવામાં આવ્યા,

(૩) ઉક્ત એગ્રીમેન્ટ કર્યા બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવવધારો આપવામાં આવેલ હોય તો કયા કારણોસર, કેટલો ભાવવધારો કેટલા સમય માટે આપવામાં આવ્યો, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારને વાર્ષિક કેટલો આર્થિક બોજો પડયો ?

ઊર્જા મંત્રીશ્રી : (૨૪–૦૮–૨૦૨૬)

(૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ખાનગી કંપનીઓ (બિન–પરંપરાગત સહિત) પાસે થયેલ પાવર ખરીદવાના પાવર પરચેઝ એગ્રીમેન્ટની વિગત પરિશિષ્ટ*–અ મુજબ છે.

(૩) વર્ષ ૨૦૧૦માં ઈન્ડોનેશિયા સરકાર દ્વારા કોલસાના નિકાસભાવને આંતરરાષ્ટ્રીય ભાવ સાથે સંલગ્ન કરવા માટે કાયદાકીય ફેરફાર કરવામાં આવેલ. જે અનુસાર ઈન્ડોનેશિયા સરકાર દ્વારા જે તે મહિના(માર્ચ ૨૦૨૫થી પખવાડીઆ માટે) માટે કોલસાના ભાવ નિર્ધારિત કરતી HBA index જાહેર કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭ દરમિયાન ઉપરોક્ત વીજમથક દ્વારા કોલસાના ભાવમાં વધારાના કારણે વીજઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ અને ઉત્પન્ન થતી એનર્જીના ચાર્જમાં આયાતી કોલસાના ભાવને અનુરૂપ વધારાની માગણી કરવામાં આવેલ.

આયાતી કોલસા આધારિત વીજપ્રોજેક્ટના મુદ્દાઓના નિરાકરણ માટે કેન્દ્ર સરકારના નિર્દેશ મુજબ રાજ્ય સરકાર દ્વારા શ્રી આર. કે. અગ્રવાલ (પૂર્વ સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ)ની અધ્યક્ષતા હેઠળની રચાયેલ હાઈપાવર કમિટીની ભલામણને રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧.૧૨.૨૦૧૮ના ઠરાવ થકી થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ. ત્યારબાદ, બદલાયેલ પરિસ્થીતીઓને ધ્યાનમાં રાખતા, વીજદરની ગણતરીમાં લેવામાં આવતો કોલસો મેળવવાનો ખર્ચ વ્યાજબી અને પારદર્શક રીતે પાસ થ્રુ (pass-through) થઈ શકે તે હેતુથી, રાજ્ય સરકારની માર્ગદર્શિકા તારીખ ૧૨.૦૬.૨૦૨૦, તા.૨૫.૦૨.૨૦૨૨ના ઠરાવ, થકી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા બે આયાતી કોલસા આધારિત ખાનગી વીજ મથકો સાથે સપ્લીમેન્ટરી કરારો કરવામાં આવેલ છે. આમ, ઉક્ત સ્થિતિએ ઉપર જણાવ્યા મુજબના બન્ને આયાતી કોલસા આધારિત ખાનગી વિજમથકોને કરારની શરતો મુજબ પ્રોવિઝનલ દરે ચૂકવણી કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, ઈન્ડોનેશીયન કોલસાનો ઈન્ડેક્ષ (એચ.બી.એ.) જે સામાન્ય રીતે શરેરાશ ૯૦ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર ૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ ૨૦૨૨માં મહતમ ૩૩૧ યુ.એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ આથી આ પછીનાં સમયગાળા દરમિયાન આયાતી કોલસાનાં ભાવમાં વધારો થવાના કારણેકરાર સપ્લીમેન્ટલ કરાર અંતગર્તના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેકટો દ્વારા વીજપુરવઠો બંધ કરી દેવામાં આવેલ. વધુમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસનાં ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ આથી ગેસ આધારિત વીજમથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહિ.

આ સ્થિતિ નિવારણ કરવા અને દેશની વધતી જતી માંગને પહોંચી વળવા સારું કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૨ તથા તા.૨૦.૦૨.૨૦૨૩ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસીટી એકટ–૨૦૦૩ના સેકશન–૧૧ અંતર્ગત આયાતી કોલસા આધારિત વીજ મથકોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ. કેન્દ્ર સરકાર દ્વારા આયાતી કોલસા આધારિત વીજ મથકોને પૂર્ણક્ષમતાએ ચલાવવાનો સેક્શન ૧૧ અંતર્ગતનો આદેશ છેલ્લે તારીખ ૩૦.૦૬.૨૦૨૫ સુધી લંબાવવામાં આવેલ.

વધુમાં, સેકશન–૧૧ અંતર્ગત, નિયત કરેલ એનર્જી ચાર્જના દરે અન્ય એક આયાતી કોલસા આધારિત ખાનગી વીજ મથક (કોસ્ટલ ગુજરાત પાવર લી (ટાટા પાવર)) ને ચૂકવણી કરવામાં આવેલ છે.

આ અન્વયે ૩૧.૧૨.૨૦૨૫ની સ્થિતિએ બે વર્ષમાં (૩૦.૦૬.૨૦૨૫ સુધી) એનર્જી ચાર્જની ચૂકવણી સેક્શન–૧૧ અંતર્ગત કરવામાં આવેલ છે જે અંતગર્ત ઉક્ત સ્થિતિએ આશરે રૂ. ૦.૯૧ પ્રતિ યુનિટ જેટલો સરેરાશ ભાવ વધારો ચૂકવવામાં આવેલ

છે. બિન પરંપરાગત સ્ત્રોત માંથી ખાનગી વીજ કંપનીઓ પાસેથી કરવામાં આવતી વીજ ખરીદી માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC) દ્વારા મંજૂર કરાયેલ વીજ ખરીદ કરારમાં કરવામાં આવેલ જોગવાઈ આધારિત કરવામાં આવે છે.

(૪) ઉક્ત સ્થિતિએ કરારની શરતો, કાયદાકીય જોગવાઈઓ તથા આયોગની મંજૂરી અંતર્ગત ભાવ વધારો થયેલ છે તથા અન્ય કોઈ વધારો આપવામાં આવેલ ન હોઈ રાજ્ય સરકારને કોઈ આર્થિક બોજો લાગુ પડ્યો નથી.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ગુજસીટોક કાયદા હેઠળ નોંધાયેલ ફરિયાદો

અતારાંકિતઃ ૨૧૦૨ (૨૭-૦૫-૨૦૨૫) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૪/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પોલીસ સ્ટેશનમાં પંદરથી વધુ ગુના નોંધાયેલ હોય તેવા કેટલા ઈસમો ક્યા પ્રકારના ગુનામાં સંડોવાયેલ હોવાનું ધ્યાને આવેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઈસમો પૈકી કેટલા ઈસમો સામે GUJCTOC કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઈસમો પૈકી કેટલા ઈસમો સામે GUJCTOC કાયદા નીચે ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી અને તેના કારણો શાં છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) **:** (૨૪-૦૭-૨૦૨૫)

(૧)

તા. ૦૧-૦૫-૨૦૨૩ થી તા. ૩૦-૦૪-૨૦૨૫		
પોલીસ સ્ટેશનનું નામ	**પંદરથી વધુ ગુના નોંધાયેલ હોય તેવા ઈસમોની સંખ્યા**	**આવા ઈસમો ક્યા પ્રકારના ગુનામાં સંડોવાયેલ છે**
કોડીનાર	**૬**	**પ્રોહીબિશન લગત પ્રવૃતિમાં**

(૨)

સમયગાળો	**ગુજસીટોક હેઠળ ફરિયાદ દાખલ થયેલ ઈસમોની સંખ્યા**
તા. ૦૧/૦૫/૨૦૨૩ થી તા.૩૦/૦૪/૨૦૨૫	૦

(૩)

સમયગાળો	**ગુજસીટોક હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવેલ ન હોય તેવા ઈસમોની સંખ્યા**	**ગુજસીટોક દાખલ ન કરવાના કરાણો**
તા. ૦૧/૦૫/૨૦૨૩ થી તા.૩૦/૦૪/૨૦૨૫	૬	• ઉપરોક્ત ઈસમો ફક્ત પ્રોહીબિશન હેઠળના ગુના દાખલ છે. • ઉપરોક્ત ઈસમો સંગઠીત ગુના આચરેલ નથી કે ટોળકીના સભ્યો નથી જેથી ગુજસીટોક કાયદાને સુસંગત ન હોય, જેથી ગુજસીટોક કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી.

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે ખેડૂતોએ કરાવેલ જમીન ચકાસણી બાબત.

અતારાંકિતઃ ૨૦૭૭ (૧૫/૦૫/૨૦૨૫) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ– કોડીનારમાં આવેલ આર.કે.વી.વાય (એસ.ટી.સી) ખેડૂત તાલીમ કેન્દ્ર અને જમીન ચકાસણી સોઈલ ટેસ્ટીંગ પ્રયોગશાળામાં કેટલા ખેડૂતોએ જમીન ચકાસણી કરાવેલ છે તેની વિગતો શુ છે, અને

(૨) જમીન ચકાસણી માટે ખેડૂતો પાસે કોઈ ફી લેવામાં આવે છે કે કેમ અને તેની વિગતો શું છે ?

સહકાર મંત્રીશ્રી : (૦૬–૦૮–૨૦૨૬)

(૧) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કોડીનાર ખાતે આવેલ જમીન ચકાસણી પ્રયોગશાળા સને ૨૦૧૯–૨૦૨૦માં બંધ કરેલ છે. જેથી તારીખ ૧૫/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી જમીનની ચકાસણીની કામગીરી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) જમીન ચકાસણી પ્રયોગશાળા માટેનું પેમેન્ટ ગુજરાત સરકારશ્રી તરફથી ચૂકવવામાં આવેલ હોય, જ્યારે જમીન ચકાસણીની કામગીરી કરવામાં આવતી હતી ત્યારે ખેડૂતો પાસેથી આ માટેનો કોઈ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો ન હતો.

––––––––

રાજકોટ અને સુરત જિલ્લાની સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક બાબત

અતારાંકિતઃ ૨૦૧૩ (૦૭–૦૩–૨૦૨૬) **શ્રી ગોપાલભાઈ ઇટાલીયા** (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને સુરત જિલ્લામાં જિલ્લાની સંકલન સહ ફરિયાદ સમિતિની વર્ષવાર કેટલી બેઠકો મળી,

(૨) ઉક્ત પૈકી માસવાર કેટલી બેઠકોમાં ઉક્ત જિલ્લાના કેટલા ધારાસભ્યશ્રીઓ અને સાંસદશ્રીઓ હાજર રહ્યા, અને

(૩) ઉક્ત દ્વારા ઉક્ત બેઠકોમાં કેટલા પ્રશ્ન/રજૂઆતો કરવામાં આવી, કેટલી રજૂઆતોનું નિરાકરણ થયું અને કેટલી પડતર છે ?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) **:** (૧૦–૦૯–૨૦૨૬)

(૧)

સુરત		**રાજકોટ**	
વર્ષ–૨૦૨૪	૮	વર્ષ–૨૦૨૪	૧૦
વર્ષ–૨૦૨૫	૯	વર્ષ–૨૦૨૫	૧૦
કુલ	૧૭	કુલ	૨૦

(૨)

સુરત		**રાજકોટ**	
માસ	હાજર ધારાસભ્યો/ સંસદસભ્યો	માસ	હાજર ધારાસભ્યો/ સંસદસભ્યો
જાન્યુઆરી–૨૦૨૪	ધારાસભ્યો–૪ સંસદસભ્યો–૦	જાન્યુઆરી–૨૦૨૪	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૦
જૂન–૨૦૨૪	ધારાસભ્યો–૪ સંસદસભ્યો–૦	ફેબ્રુઆરી–૨૦૨૪	ધારાસભ્યો–૦ સંસદસભ્યો–૦
જુલાઈ–૨૦૨૪	ધારાસભ્યો–૫ સંસદસભ્યો–૦	માર્ચ–૨૦૨૪	ધારાસભ્યો–૦ સંસદસભ્યો–૦
ઓગસ્ટ–૨૦૨૪	ધારાસભ્યો–૫ સંસદસભ્યો–૦	જૂન–૨૦૨૪	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૨
સપ્ટેમ્બર–૨૦૨૪	ધારાસભ્યો–૫ સંસદસભ્યો–૧	જુલાઈ–૨૦૨૪	ધારાસભ્યો–૪ સંસદસભ્યો–૦

સુરત		રાજકોટ	
ઑક્ટોબર–૨૦૨૪	ધારાસભ્યો–૫ સંસદસભ્યો–૦	ઑગસ્ટ–૨૦૨૪	ધારાસભ્યો–૩ સંસદસભ્યો–૦
નવેમ્બર–૨૦૨૪	ધારાસભ્યો–૩ સંસદસભ્યો–૦	સપ્ટેમ્બર–૨૦૨૪	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
ડિસેમ્બર–૨૦૨૪	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧	ઑક્ટોબર–૨૦૨૪	ધારાસભ્યો–૩ સંસદસભ્યો–૧
માર્ચ–૨૦૨૫	ધારાસભ્યો–૩ સંસદસભ્યો–૦	નવેમ્બર–૨૦૨૪	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
એપ્રિલ–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૦	ડિસેમ્બર–૨૦૨૪	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
મે–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૦	જાન્યુઆરી–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
જુલાઈ–૨૦૨૫	ધારાસભ્યો–૫ સંસદસભ્યો–૧	માર્ચ–૨૦૨૫	ધારાસભ્યો–૩ સંસદસભ્યો–૧
ઑગસ્ટ–૨૦૨૫	ધારાસભ્યો–૫ સંસદસભ્યો–૧	એપ્રિલ–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૦
સપ્ટેમ્બર–૨૦૨૫	ધારાસભ્યો–૫ સંસદસભ્યો–૧	મે–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
ઑક્ટોબર–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧	જુલાઈ–૨૦૨૫	ધારાસભ્યો–૩ સંસદસભ્યો–૨
નવેમ્બર–૨૦૨૫	ધારાસભ્યો–૪ સંસદસભ્યો–૦	ઑગસ્ટ–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
ડિસેમ્બર–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧	સપ્ટેમ્બર–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
		ઑક્ટોબર–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
		નવેમ્બર–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૧
		ડિસેમ્બર–૨૦૨૫	ધારાસભ્યો–૨ સંસદસભ્યો–૦

(૩)

સુરત	રાજકોટ
ઉક્ત બેઠકોમાં ૧૨૮ રજૂઆતો કરવામાં આવેલ, ૧૨૮ રજૂઆતોનું નિરાકરણ કરવામાં આવેલ છે. પડતર શૂન્ય રહેલ છે.	ઉક્ત બેઠકોમાં ૨૫૦ રજૂઆતો કરવામાં આવેલ, ૨૫૦ રજૂઆતોનું નિરાકરણ કરવામાં આવેલ છે. પડતર શૂન્ય રહેલ છે.
વિગતરવાર માહિતીનું પત્રક A આ સાથે સામેલ છે	વિગતરવાર માહિતીનું પત્રક B આ સાથે સામેલ છે

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અતારાંકિત ચાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

ક્રમ	વિભાગનું નામ	પ્રશ્ન ક્રમાંક	કુલ
૧	નાણા વિભાગ	૨૦૦૯	૧
૨	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ	૧૮૬૪, ૧૮૬૯, ૧૮૭૦, ૨૦૪૨, ૨૦૪૩, ૨૦૪૪, ૨૦૪૫, ૨૦૪૬, ૨૦૪૭, ૨૦૪૮, ૨૦૪૯, ૨૦૫૦, ૨૦૫૧, ૨૦૫૨	૧૪
૩	વન અને પર્યાવરણ વિભાગ	૨૦૧૦, ૨૦૩૪, ૨૧૪૩	૩
૪	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	૬૯૪, ૭૧૮, ૧૧૪૫, ૧૪૮૩, ૧૬૨૧, ૧૭૦૧, ૧૭૩૩, ૧૯૪૧, ૨૦૫૬, ૨૦૫૭, ૨૦૫૮, ૨૦૫૯, ૨૦૬૦, ૨૦૬૧, ૨૦૬૨, ૨૦૬૩, ૨૦૬૪, ૨૦૬૫, ૨૦૮૯	૧૯
૫	ઉદ્યોગ અને ખાણ વિભાગ	૫૯૪, ૬૦૯, ૬૪૬, ૧૮૦૫, ૧૮૦૮	૫
૬	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	૧૭૦૫, ૨૦૦૬, ૨૦૩૧, ૨૦૬૬, ૨૦૬૭, ૨૦૬૮, ૨૦૬૯, ૨૦૭૦, ૨૦૭૧, ૨૦૭૨, ૨૦૭૩, ૨૦૭૪, ૨૦૭૫, ૨૦૭૮	૧૪
૭	પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	૧૮૮૬, ૧૮૮૭, ૧૮૮૮, ૧૮૯૩, ૧૯૨૯	૫
૮	મહેસૂલ વિભાગ	૩૪૫, ૮૨૯, ૧૩૧૩, ૧૮૦૪, ૧૮૨૨, ૧૮૯૬, ૧૯૭૧, ૧૯૮૭, ૨૦૩૯, ૨૦૫૩, ૨૧૧૫	૧૧
૯	માર્ગ અને મકાન વિભાગ	૧૯૮૫, ૨૦૩૮, ૨૧૧૬	૩
૧૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ	૨૦૩૬, ૨૧૦૫, ૨૧૦૬, ૨૧૦૭, ૨૧૦૮	૫
૧૧	આદિજાતિ વિકાસ વિભાગ	૨૧૪૬, ૨૧૫૧, ૨૧૫૨, ૨૧૬૧	૪
૧૨	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ	૨૦૦૮	૧
૧૩	ગૃહ વિભાગ	૨૧૦૨	૧
૧૪	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ	૨૦૭૭	૧
૧૫	સામાન્ય વહીવટ વિભાગ	૨૦૧૩	૧
		કુલ	***૮૮***

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.